# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-06-2024** **Evening : 7.10 to 7.20pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય પવન ઉર્જા ક્ષેત્રે પ્રથમ ક્રમે આવ્યું
- કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે સરસાણા ખાતે SGCCI ના પદગ્રહણ સમારોહમાં કહ્યું કે રાજ્યસરકારની સરળ નીતિને કારણે ઔદ્યોગિક વિકાસમાં સુરત અગ્રેસર રહ્યું.
- કેન્દ્રીય રાજ્યમંત્રી નીમુબેન બાંભણિયાએ ભાવનગર ખાતે જણાવ્યું કે પ્રધાનમંત્રીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા તમામ તબક્કે સાથે મળીને કામ કરીશું.
- રાજ્યમાં અનેક સ્થળોએ વરસાદ - દ્વારકાના ખંભાળિયામાં સાડા સાત ઇંચ વરસાદ વરસ્યો.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# WIND POWER INSTALLATION

સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય પવન ઉર્જા ક્ષેત્રે પ્રથમ ક્રમે આવ્યું છે. તે બદલ ગુજરાત રાજ્યને પ્રતિષ્ઠિત એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો છે.

ભારત સરકારના નવીનીકરણ ઉર્જા મંત્રાલયે વૈશ્વિક પવન ઉર્જા દિવસ નિમિત્તે પવન ઉર્જા ક્ષેત્રે ગુજરાતને માન્યતા આપી છે. અને સમગ્ર દેશમાં આ ક્ષેત્રે ગુજરાત પ્રથમ સ્થાને છે.

મે 2023 સુધીમાં 11 હજાર 823 મેગાવોટ સ્થાપિત પવન ઉર્જાની ક્ષમતા સાથે ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને આવ્યું છે. પવન ઉર્જા ક્ષેત્રે રાજ્ય સરકારની નીતિ, સક્રિય પગલાં અને રોકાણ માટે અનુકૂળ વાતાવરણને કારણે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત ઉર્જા વિકાસ એ સમગ્ર રાજ્યમાં પવન ઉર્જા પરિયોજનાઓને સરળ બનાવવા અને અમલમાં મુકવા મહત્વની ભૂમિકા ભજવી છે.

------------

# C.R.PATIL- SGCCI PADGRAHAN SAMAROH

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં સરસાણા ખાતે SGCCI - (ધ સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ) નો ૮૪મો પદગ્રહણ સમારોહ યોજાયો. તેમની સાથે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે રાજ્ય સરકારની સરળ નીતિ, ઉદ્યોગો માટેનું યોગ્ય વાતાવરણને કારણે ઔદ્યોગિક વિકાસમાં સુરત અગ્રેસર રહ્યું છે. ઉદ્યોગો લોકોને રોજગારી આપતું સૌથી મોટું માધ્યમ છે. સુરતમાં આવનારા 50 વર્ષો માટે પાણીની સુવિધા કરીને ત્યાં પૂરની સ્થિતિ ન સર્જાય તે માટે તંત્રની વિશેષ તૈયારીઓની ખાતરી પણ આપી હતી. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં ટ્રાફિક નિયમને લગતી તેમની સમસ્યાઓનું ટૂંક સમયમાં નિવારણ લાવવાની ખાતરી આપી હતી.

. . . . . . . . . . . . . . . . . . . .

## BHAVNAGAR- NIMUBEN BAMBANIYA

કેન્દ્રના રાજ્ય કક્ષાના ગ્રાહક સુરક્ષા અને અન્ન પુરવઠા મંત્રી નિમુબેન બાંભણીયા પદગ્રહણ પછી પ્રથમ વાર ભાવનગરમાં આવતા શહેર ભાજપ દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

નિમુબેન બાંભણીયાએ સર્કિટ હાઉસ ખાતે વેપારીઓ, ઉદ્યોગપતિઓ, ચેમ્બરના સભ્યો, વિવિધ ટ્રસ્ટ અને સમાજના આગેવાનો તેમજ કાર્યકરો સાથે પ્રથમ બેઠકમાં શુભેચ્છા મુલાકાત કરી હતી. બેઠકમાં વેપારીઓ અને ઉદ્યોગપતિઓ સાથે જરૂરી સુવિધાઓ, પડતર પ્રશ્નો અને આવનારા સમયમાં ભાવનગરના વધુ વિકાસ અંગે ચર્ચાઓ કરી હતી. જ્યારે બીજા સેશનમાં અધિકારીઓ સાથે બેઠક યોજી પરિચય અને કામગીરી અંગે જાણકારી મેળવી હતી. નિમુબેને કહ્યું કે પ્રધાનમંત્રીના વિકાસ અને વિકસિત

ભારતના સંકલ્પમાં સહભાગી બની વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા તમામ તબક્કે કામ કરીશું.

(બાઇટ- નીમુબેન બાંભણિયા)

(પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર ભાઇ ની ટીમમાં કામ કરવાનો અવસર પ્રાપ્ત થયો છે, ત્યારે એક વિઝન સાથે વિકસીત ભારતની સંકલ્પના સાથે અમે ટીમમાં રાષ્ટ્રના નિર્માણ માટે ખુબ ગતિથી વિકાસના કામો થાય એ તરફ અમે કામ કરીશું.)

..................................

## BHAVNGAR-NIMUBEN BAMBHANIYA

ભાવનગરના બોરતળાવ ખાતે કેન્દ્રીય રાજયમંત્રી નિમુબેન બાંભણીયાના અધ્યક્ષસ્થાને 15 હજાર જેટલા વિવિધ છોડનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ રોપા વાવવા માટે ધારાસભ્ય, કમિશ્નર, વિવિધ પર્યાવરણ સંસ્થાઓ, શાળાના બાળકો જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે હજુ પણ વધુ વૃક્ષો અમૃત સરોવર, શહેરના વિવિધ વિસ્તારો તેમજ જે લોકો પોતાના ઘરે વાવવા માંગતા હશે તેને આપવામાં આવશે. રાજ્યમંત્રી નિમુબેને જણાવ્યું કે ખાસ વૃક્ષારોપણ બાદ તેની માવજત યોગ્ય રીતે કરવી તે આપણા સૌની ફરજ છે. વૃક્ષારોપણના ઝુંબેશના ભાગરૂપે સપ્ટેબર મહિના સુધીમાં શહેરમાં 1 લાખ રોપા વાવવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ભાવનગર મનપાના કમિશ્નર એન.વી.ઉપાધ્યાયે જણાવ્યું કે....

(બાઈટ:એન.વી ઉપાધ્યાય, કમિશ્નર, મનપા, ભાવનગર)

આ કાર્યક્રમ અગાઉ કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયાએ ઠાકર શ્રી વિઠ્ઠળાનાથ તેમજ પરમ પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબાની મુલાકાત લીધી હતી.

(ભાવનગર નગરપાલિકા દર વર્ષે જે પાંચ જૂને વિશ્વ પર્યાવરણ દિવસથી વૃક્ષારોપણના 3 કાર્યક્રમ કરે છે. ગયા વખતે પણ આપણે એક લાખ વૃક્ષોની નેમ લીધી હતી, અને એમાં આપણે મહ્દઅંશે સફળ થયા હતા. આ વખતે પણ આપણે એક લાખ વૃક્ષો અલગઅલગ સંસ્થાના સહકારથી સંયુક્ત સાહસથી કરવાના છીએ. અહિંયા અત્યારે આપણે 15 હજાર વૃક્ષો વાવેતર કરવાનું આપણું યોજન છે. જેમાં તમામ સામાજીક અગ્રણીઓ અહિંયા આવેલા હતા. સ્કુલોના બાળકો પણ અહિંયા આવેલા હતા, એટલે તમામ ક્ષેત્રમાંથી અમને પુરૂ સહકાર મળી રહ્યો છે. આમ સમગ્ર શહેરને આપણે હરિયાળું બનાવા તરફ આગળ વધી રહ્યા છીએ. )

-----------------

# C.R.PATIL-TREE PLANTATION

કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં ભીમરાડ ગામના દયાળ વિલા ખાતે 'વરસાદી જળસંચય' તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે ભૂગર્ભ જળ સ્તર વધારવા રેઇન વોટર હાર્વેસ્ટીંગ માટે જાગૃત્ત થવું જરૂરી છે.

તેમણે જળ સંચય થકી જ ભૂગર્ભ જળના સ્તરમાં વધારો થઈ શકશે એવો મત વ્યક્ત કરતા ઉમેર્યું કે, સ્થાનિકોને વરસાદી પાણીના સંગ્રહ માટે પ્રોત્સાહન આપવા વહીવટી તંત્ર દ્વારા જ્યાં બોર છે ત્યાં બોર દ્વારા કે પછી અન્ય નવી ટેકનોલોજીની મદદથી પાણીના સંગ્રહની સુવિધા અંગે કામગીરી કરાઇ રહી છે.

-------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## GUJARAT RAIN -1

રાજ્યમાં હવામાન ખાતાની આગાહીના પગલે અનેક સ્થળોએ વરસાદ વરસી રહ્યો છે. આજે વહેલી સવારે સૌરાષ્ટ્રમાં વરસાદ શરૂ થયો હતો. પોરબંદર પોણા ત્રણ ઇંચ વરસાદ ખાબક્યો હતો. જેને પગલે રોડ રસ્તા પર પાણી ફરી વળ્યા હતા.

અમારા દ્વારકા જિલ્લાના પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે કે દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં સાડા સાત ઇંચ વરસાદ થયો છે. ધોધમાર વરસાદના પગલે જનજીવન અસ્તવ્યસ્ત થઇ ગયું છે. જળાશયોમાં નવા નીર આવ્યા છે. ખેતરોમાં પાણી ભરાઇ ગયા છે. સારો વરસાદ થતા ખેડૂત પુત્રોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યા છે.

દ્વારકા જિલ્લાના ભાણવડમાં અઢી ઇંચ, પોરબંદરના રાણાવાવમાં દોઢ ઇંચ, સુરતના માંગરોળમાં અડધો ઇંચ વરસાદ પડયો છે. તો કચ્છના ભચાઉ તથા અનેક સ્થળોએ વરસાદી ઝાપટા શરૂ થયા છે. બાબરા અને

વલસાડમાં 4-4 મીલીમીટર, કુતીયાણા, અને માણાવદરમાં 3-3 અને જામજોધપુર અને કામરેજમાં બે-બે મીલીમીટર વરસાદ થયો છે.

અમરેલી જિલ્લામાં આજે બપોર બાદ મેઘરાજાની ધમાકેદાર શરૂઆત થઇ હતી. જિલ્લાના અમરેલી, ગાવડકા, લીલીયા, સાવરકુંડલા અને વડિયા પંથકમાં ધોધમાર વરસાદ વરસતા સ્થાનિક નદીઓમાં પાણી આવ્યાં છે. તો બીજી તરફ કોઝવે પર પાણી ફરી વળતાં કેટલાક રસ્તાઓ થોડીવાર માટે બંધ થયા હતા. અમરેલીમાં અનેક વિસ્તારમાં વાવણી થયા બાદ નોંધપાત્ર વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે.

..2.. GUJARAT RAIN

હવામાન વિભાગ દ્વારા આગામી 24 કલાકમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં તેમાંય કાસ કરીને દ્વારકા અને પોરબંદરમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ અંગે વધુ માહિતી આપે છે, હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણ...

(બાઇટ- અભિમન્યુ ચૌહાણ)

..................................

## MENGO EXPORT

ગુજરાતની કેસર કેરીનો સ્વાદ હવે અમેરિકા પહોંચ્યો છે. અમદાવાદ જિલ્લામાં સ્થિત પ્લાન્ટમાં ઈ-રેડિએશન અને ક્વોલિટી કંટ્રોલ પ્રોસેસથી ગુજરાતના ખેડુતો કેસર કેરીનું અમેરિકામાં વેચાણ કરી રહ્યાં છે. તાલાલા અને ગુજરાતના ખેડુતો અહીં પોતાની કેસર કેરીને ઈ-રેડિએશન માટે

મોકલાવે છે, અને ઈ-રેડિએશન પ્રોસેસિંગ થયેલી કેસરનું અમેરિકામાં વેચાણ કરીને ડોલરમાં કમાણી કરે છે. મહત્વનું છે કે, ચાલું વર્ષે અત્યાર સુધીમાં અહીંથી 215 ટનથી વધુ કેસર કેરી અમેરિકા ખાતે નિકાસ કરવામાં આવી છે. ઈ-રેડિએશન થયેલી કેસરને જાળીના આવરણ વાળા બોક્સમાં 3 કિલોના જથ્થામાં પેકિંગ કરવામાં આવે છે, જે અમેરિકામાં 30 થી 38 ડોલરમાં વેચાય છે તેમ નિકાસકાર ખેડૂત ચેતન પટેલે જણાવ્યું હતું..

(બાઈટઃ1 – ચેતન પટેલ, ખેડુત નિકાસકાર)

(Transcript: હવે યુનાઈટેક સ્ટેટના રિટલ સ્ટોલમાં પાંચથી છ દિવસમાં અમે ફાર્મ ફ્રેશ મેન્ગો પહોંચાડી શકીએ છીએ વર્ગીકરણથી લઈને ઝીણવટ ભર્યુ, સોર્ટિંગથી લઈને પેકિંગ રેડિએશન એ ટ્રિટમેન્ટ કરીને લગભગ 30 થી 40 કલાકની ફ્લાઈટ દ્વારા ચારથી પાંચ દિવસમાં અમેરિકાના રિટલ સ્ટોરમાં પહોંચાડી શકીએ છીએ. ફાર્મ ફ્રેશ મેન્ગો અમેરિકાના 15થી વધુ સ્ટેટમાં અમે એક્સ્પોર્ટ કરીએ છીએ.)

.................................

## BHAVNAGAR EID

સમગ્ર દેશ સહિત રાજ્યભરમાં આવતીકાલે બકરી ઈદનો તહેવાર ઉજવવામાં આવશે.

આ પવિત્ર દિવસે મુસ્લીમ બિરાદરો મસ્જીદોમાં ઈદની ખાસ નમાજ અદા કરી નમાજ બાદ એકબીજાને ગળે લગાડી ઇદની મુબારકબાદી પાઠવશે, તેમજ કબ્રસ્તાનમાં જઈ પોતાના મર્હુમ સગા સંબંધીઓની કબર ઉપર ફુલ ચડાવી ખાસ દુઆઓ કરશે. તેમજ પોતાના ઘરમાં ખીર-ખુરમા સહીતના મિષ્ટાનો બનાવી એક બીજાના ઘરે મોકલી આપ-લે કરશે.

ભાવનગરના મુસ્લિમ બિરાદરો પયગમ્બર સાહેબની યાદમાં આ તહેવારની વિશેષ ઉજવણી કરશે.

----------------

## MEHSANA-DUDHSAGAR DAIRY

મહેસાણાની દૂધસાગર ડેરીનું વાર્ષિક ટર્નઓવર વધીને 7 હજાર 594 કરોડ પર પહોંચી ગયું છે.

મહેસાણા દૂધસાગર ડેરીની 64મી વાર્ષિક સાધારણ સભા ડેરીના ચેરમેન અશોક ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. આ સભામાં વિવિધ જાહેરાતો કરવામાં આવી હતી, જેમાં 402 કરોડના ભાવ વધારાની પણ જાહેરાત કરાઇ હતી. 10 ટકા શેર ડિવિડન્ડ પણ ખાતેદારોને આપવામાં આવશે. દૂધ મંડળીઓને સોલાર પ્લેટ માટેની સહાય 25 હજારથી વધારીને 1 લાખ રૂપિયા કરવામાં આવી છે.

અમારા મહેસાણાના પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે સાધારણ સભામાં જાણીતા સાહિત્યકાર તેમજ પદ્મશ્રી રઘુવીર ચૌધરીનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

-----

## SURAT APMC INCOME

નાણાકીય વર્ષ 2023-24માં સુરત APMC દ્વારા શાકભાજી સહિત વિવિધ ઉત્પાદનોના વેચાણની આવક 43 કરોડ 55 લાખ થઇ છે. જે ગત વર્ષની સરખામણીમાં 20 ટકા વધારે છે.

ગુજરાત નિયંત્રિત બજાર સંઘ અમદાવાદ દ્વારા રાજ્યની ટોપ ટેન APMC ના આંકડા જાહેર કર્યા છે. જેમાં સુરત પ્રથમ સ્થાને છે. જ્યારે ઉંઝા 43 કરોડ 34 લાખ સાથે બીજા ક્રમે અને રાજકોટ APMC 36 કરોડ 91 લાખ રૂપિયા સાથે ત્રીજા ક્રમે છે.

----------------------------

## NEWS IN BRIEF

**હવે સાંભળીએ રાજ્યના કેટલાક અન્ય સમાચાર સંક્ષિપ્તમાં....**

- ભાવનગર પોલીસે એક મહિલા સહિત બે વ્યક્તિઓની 4 કિલો ગાંજાના જથ્થા સાથે ધરપકડ કરી છે.
- રાજકોટ આર.ટી.ઓ. કચેરી ખાતે 18મી જૂને ઓટોમેટેડ ડ્રાઇવીંગ ટેસ્ટ બંધ રહેશે.
- વ્યારા ખાતે સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝમાં ફાયર સેફ્ટી અંતર્ગત મોકડ્રીલ અને તાલીમ યોજાઇ.
- છોટાઉદેપુર જિલ્લાના તમામ ગામોમાં આશા બહેનો અને સ્વયંસેવકોની એક હજાર 115 ટીમો દ્વારા ઘરે ઘરે ફરીને રક્તપિત્તના શંકાસ્પદ કેસ શોધવાની કામગીરી કાર્યરત છે.
- આગામી 19મી જૂને રાજકોટ ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે.
- ભાવનગર શહેરના સ્વચ્છતા બ્રાન્ડ એમ્બેસેડર ડો.તેજસ દોશીને સમાજસેવા, પર્યાવરણ સહિતના ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ રિયલ હીરોઝ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.

- નવસારીના મરોલી ઉભરાટ રોડ પર હીટ એન્ડ રનની ઘટનામાં બે શ્રમજીવીઓના મોત નીપજ્યા છે.

----------